ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૬/૨૨-૨૩/ 3990 તારીખ : 06 DEC 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૬/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી ટાઢા જુંજાભાઈ ઓઘડભાઈ,**
**કાદી વિસ્તાર,**
**મું.નેપ, તા. મહુવા,**
**જી.ભાવનગર**

**મો.નં- ૯૯૯૮૨ ૨૮૦૭૫**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશનના એલ.ટી.લાઈનના મેઈન્ટેનન્સ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૪/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૦/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૨-૨૩/૩૨૮૨ તા.૧૧/૧૦/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૨-૨૩/૩૫૪૧ તા.૦૨/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૧૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

RKV
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, મહુવા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૬/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ટાઢા જુંજાભાઈ ઓઘડભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૫/૧૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **(વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ટાઢા જુંજાભાઈ ઓઘડભાઈ, મું.નૈપ, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વિજ કનેકશનના એલ.ટી.લાઈનના મેઈન્ટેનન્સ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૨–૨૩/૩૨૮૨ તા.૧૧/૧૦/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૧૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ટાઢા જુંજાભાઈ ઓઘડભાઈ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારની ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના નૈપ ગામે કાદી વિસ્તારમાં ખેતીવાડી આવેલ છે. ખેતીવાડીમાં એ–વન કેટેગરીનું વાર્ષિક બિલ વાળું ૫ એચ.પી.નું વિજ કનેકશન ચાલે છે. અરજદારની લાગુ પડતી વિજ કચેરી મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ છે.

૧.૨ અરજદારની ખેતીવાડીના વિજ કનેકશનની એલ.ટી.લાઈનના ચાર ગાળાના તાર તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ આવેલ વાવાઝોડામાં તૂટી ગયેલ અને ત્યારથી ૩ થી ૪ મહિના કોઈ ગ્રાહકની અરજી લીધેલ નહી ફકત કચેરીમાં ફરીયાદ લખવાનું ચાલુ રાખેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ અરજદારે ફરીયાદ લખાવેલ ત્યારે ગેંગના કર્મચારી ચાર ગાળાના તાર કાપીને લઈ ગયેલ. વારા પ્રમાણે લગાડવામાં આવશે. દરેક ગામડા શહેરમાં કામ ચાલુ હતું છતાં અમારી ખેતીવાડીએ કોઈ તાર લગાડવા આવેલ નહી. તેથી અરજદાર દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ લેખિત અરજી કચેરીએ આપેલ અને તે ઈન્વર્ડ નંબર–૨૪૦ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ સ્વીકારેલ.

૧.૪ ચાર ગાળાના તાર લગાડી પાવર ચાલુ કરાવવા બેદરકાર પર પગલા લેવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબશ્રીને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ –૨ કચેરીએ અરજદારશ્રી ટાઢા જુંજાભાઈ ઓઘડભાઈ, ગામ–નૈપ ની ખેતીવાડી વિજ કનેકશનના એલ.ટી. લાઈનના મેઈન્ટેનન્સ કરવા બાબતની રજૂઆત મળેલ.

૨.૨ જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, સદર અરજદારના ખેતીવાડી સ્થળ પર ઓઘડભાઈ કેશુભાઈ ગ્રાહક નં–૩૭૬૫૬૦૫૧૪૬૫ થી ૫ એચ.પી નું એ–૧ ટેરીફનું ખેતીવાડી વિજજોડાણ હયાત છે. સદર વિજ જોડાણ હળવા દબાણની વિજ લાઈનમાંથી જે તે સમયે આપવામાં આવેલ. તા.૧૭/૦૫/૨૦૨૧ તથા તા.૧૮/૦૫/૨૦૨૧ દરમ્યાન મહુવા તાલુકામાં ત્રાટકેલ તાઉ–તે નામક ભયંકર વાવાઝોડામાં અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીની મહતમ લાઈન ક્ષતિગ્રસ્ત થયેલ અને તેમાં સદર વિજ ગ્રાહકની પણ લાઈન ક્ષતિગ્રસ્ત થયેલ.

૨.૩ ત્યારબાદ, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા વાવાઝોડામાં થયેલ ક્ષતિગ્રસ્ત લાઈનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરેલ અને સદર વિજ ગ્રાહકને ત્યાં ક્ષતિગ્રસ્ત લાઈનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી અન્વયે કોન્ટ્રાકટરના માણસો માહે સપ્ટેમ્બર–૨૦૨૧ માં ગયેલ ત્યારે અરજદાર દ્વારા ખેતરમાં લાઈનકામ થઈ શકે તેમ ન હોઈ લાઈન ઉભી કરવાની મનાઈ કરેલ અને ત્યારબાદ અરજદાર દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ પોતાના વિજ જોડાણ માંટેની ક્ષતિગ્રસ્ત લાઈનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટેની અરજી કરેલ અને તેના અનુસંધાને કોન્ટ્રાકટરના માણસો લાઈનકામ કરવા માટે ગયેલ ત્યારે તેમની બાજુવાળા શેઢા પડોશી શ્રી જોઘાભાઈ વેલાભાઈ સાંખટ ગામ–નૈપ દ્વારા તેમના ખેતરમાં વિજ લાઈન ઉભી કરવાની મનાઈ કરેલ. તેમજ અરજદાર દ્વારા નજીક માં અન્ય ટ્રાન્સફોર્મરમાંથી વિજ જોડાણ શરૂ કરવાની પણ મનાઈ કરેલ તથા તેમના વિજ જોડાણની હળવા વિજ દબાણવાળી વિજ લાઈનમાંથી વિજ જોડાણ લેવાના બદલે તેના વિજ જોડાણ માટે અલગથી વિજ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરી વિજ જોડાણ આપવાનો દૂરાગ્રહ કરેલ. જેથી સદર કામગીરીમાં વિલંબ થયેલ. ત્યારબાદ, પણ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા ફરી વાંધો લેનાર શેઢા પડોશી શ્રી જોઘાભાઈ વેલાભાઈ સાંખટ ગામ–નૈપને સમજાવવા તથા વિજ લાઈન ઉભી કરવા પ્રયત્ન કરેલ. પરંતુ, ફરી વાર તેમના દ્વારા મનાઈ કરેલ અને તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ તેમના ખેતરમાં પાક ઉભો હોઈ લાઈનકામ કરવાની મનાઈ કરી લેખિત વાંધા અરજી આપેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા ફરી અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ નો રૂબરૂ સંપર્ક

કરેલ જેના અનુસંધાને ફરી કોન્ટ્રાકટરના માણસો મોકલી વાંધો લેનાર બાજુવાળા શેઢા પડોશી શ્રી જોધાભાઈ વેલાભાઈ સાંખટની જમીન આવતી વિજ લાઈન સિવાયની વિજ લાઈન સમારકામ કરી નજીક આવેલ અન્ય ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મરમાંથી સદર હળવા દબાણની વિજ લાઈન જોડી અરજદારને ત્યાં વિજ પુરવઠો કાયમી ધોરણે પુનઃસ્થાપિત કરેલ તેમની ફરીયાદ નું સુખદ નિરાકરણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી જુંજાભાઈ ઓઘડભાઈ ટાઢા, ગામ–નૈપ, તા.મહુવા દ્વારા તેમના ખેતીવાડી વિજ કનેકશન ના એલ.ટી.લાઈનના ચાર ગાળા તૂટી જતા તે લગાડી ચાલુ કરી આપવા અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૫/૧૧/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં પ્રતિવાદી હાજર છે વાદી હાજર રહેલ નથી. પ્રતિવાદી દ્વારા તેમના પત્ર નં–૭૧૭૩ તા.૧૦/૧૧/૨૦૨૨ થી તેમજ આજરોજની મૌખિક રજૂઆત થી જણાવ્યા મુજબ વાદીનું કનેકશન તા.૧૭/૦૫/૨૦૨૨ ના ''તોકતે'' વાવાઝોડા દરમ્યાન નુકશાન પામેલ હતું. જે અંગે સપ્ટે–૨૦૨૧, તા.૨૯/૦૪/૨૦૨૨ તેમજ તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ સમારકામ માટે ગયેલ. પરંતુ, જે તે સમયે વાદી દ્વારા ત્યારબાદ બાજુના શેઢા વાળા દ્વારા વાંધો લઈ કામગીરી કરવા દેવામાં આવેલ ન હતી. તાજેતરમાં વાદી ની ફરી તાકીદ કરવાથી પ્રતિવાદી એ વાંધો લેનાર બાજુવાળા શેઢા પાડોશી શ્રી જોધાભાઈ વેલાભાઈ સાંખટ ની જમીનમાં આવતી વિજ લાઈન સિવાયની વિજ લાઈન સમારકામ કરી નજીક અપાયેલ અન્ય ૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર માંથી સદર હળવા દબાણ ની વિજ લાઈન જોડી અરજદારને ત્યાં વિજ પુરવઠો કાયમી ધોરણે પુનઃ સ્થાપિત કરી આપેલ છે.

૩.૩ આમ, પ્રતિવાદી દ્વારા વાદીની ફરીયાદનું નિરાકરણ કરી આપેલ છે તેમજ વાદી પણ આજરોજની સુનાવણી માં હાજર રહેલ નથી. આમ, હવે ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. વાદીની ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજૂઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– **૧૫/૧૧/૨૦૨૨.**